સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

સલામી સવારની..

લાડુ ભૂખ્યા પદ-પતિઓનું પેટ મોટું છે,
મળી રહે છે મલાઇ, ઉંદરોની દોટું છે,
ખોટું નામ 'ઉત્સવ'નું હેતુ માત્ર પ્રચારનો -
માઇક ચોંટુઓની નજરમાં 'વોટું' છે..

હાઈકુ

સમય જતાં
સમસ્યા પડે ઠંડી
કોલ્ડ સ્ટોરેજે..
(ઘી ના ઠામમાં ઠરી જશે)

કાગ નો વાઘ,
ગળી જશે પ્રચારે -
બાળ રાહુલ!
(પ્રચારનું માયાવી તંત્ર)

ચિંતન

યુગાન્તે પ્રચલતે મેરુઃ કલ્પાન્તે સપ્ત સાગરાઃ ।
સાધવઃ પ્રતિપન્નાર્થાન્ ન ચલયન્તિ કદાચન ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રનો આ શ્લોક છે :

'એક યુગના અંતમાં સુમેરૂ પર્વત પણ પોતાના સ્થાન પરથી ચલિત થઇ શકે છે અર્થાત્ સ્થિર રહેતો નથી. વળી કલ્પ ના અંતે કાંઠાના જનસમૂહ સ્થાનોને નેસ્તનાબૂદ કરી નાખે છે, પરંતુ શ્રેષ્ઠ સજ્જન, સંત પુરૂષો હાથમાં લીધેલાં કાર્યો અને સત્યપથ પરથી કદાપિ ચલિત થતા નથી, વિચલિત થયા વિના પોતાના સત્ય-સિદ્ધાંત પર મક્કમ રહે છે.'

પ્રકૃતિમાં ન ધારેલા ફેરફાર થાય પરંતુ સજ્જન લોકોની પ્રકૃતિમાં કદાપિ વિકાર આવતા નથી.

બદ્રી-કેદાર પર પર્વતના પર્વતો-ભેખડો એ જે સર્વનાશ સર્જ્યો એ કોઇ ભૂલી શકે તેમ નથી. પર્વતો પણ તેનો કાળ આવે ત્યારે સ્થિર રહી શકતા નથી. જમીન દોસ્ત થઇ જાય છે.

સુનામી આવતાં કે મોટી ભરતી આવતાં સમુદ્ર પણ પોતાની મર્યાદા ચૂકી જાય છે. આમ પ્રકૃતિની સ્થિર દેખાતી પ્રકૃતિ પણ પરિવર્તન પામે છે ત્યારે સજ્જન-સંત-મહાત્માઓ પોતાના નિશ્ચિત સિદ્ધાંત પરથી વિચલિત થતા નથી એમની 'પ્રકૃતિ' તો સ્થિર જ રહે છે.

સુવિચાર

- અશાંતિ અને વ્યાકુળતા વધી જાય તેને વિક્ષિપ્ત કહેવાય, શું કરવું શું કરવું તેનું જ્ઞાન જતું રહે તેને મૂઢ કહેવાય, ચિત્ત કોઇ એક જ જગ્યાએ ચોંટી જાય એને એકાગ્ર કહેવાય - **ઓશો**
- ભગવાન આપણને મળેલો છે જ... અંદરથી ખાલી થતાં જઇએ તો ભગવાન આપણા ભીંતર છે જ. પરંતુ આપણે તો ભરાતાં જઇએ અને ભારે થતાં જઇએ એમાં ઇશ્વર ભીતર દબાઇ જાય છે - **જ્ઞાનસૂત્ર**
- કોઇનો સંગ જ ન થજો, કદાચ સંગ થાય તો સ્નેહ ન થજો, અને સ્નેહ થઇ જાય તો વિરહ ન થજો, અને વિરહ થાય તો તો પછી જીવતરની આશા જ ન રહે તેવું થજો - **સુભાષિત**
- ક્રોધ શું છે? ક્રોધ પોતાની અશક્તિઓનો પોતાના મોઢેથી કરેલો સ્વીકાર છે- **ડો. ચન્દ્રકાન્ત મહેતા**
- ખુવાર થવાની તૈયારી હોય તો જ ખુમારી રાખજો - **જનકલ્યાણ**
- જીવનમાં 'વિવેક' એક મોટી સાધના છે. જીવનની દરેક ચર્યામાં વિવેક હોય તેજ મોટી સાધના, ધ્યાન, તપશ્ચર્યા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીંદગીમાં કોઇ પણ પરિસ્થિતિ આવે પણ હું આનંદમાં જ રહીશ, કારણ કે આનંદ મનની અવસ્થા છે. પરિસ્થિતિનું પરિણામ નથી - **એનીફ્રાંક**

બોધ કથા

આપણે સુધ, સમૃદ્ધિ અને એશ આરામ, સત્તા-સાહ્યબી મળે ત્યારે તેનો યશ આપણે પરિશ્રમ-બુદ્ધિને આપીએ છીએ અને નિષ્ફળતા-દુઃખ આપત્તિ આવી પડે ત્યારે ભગવાન પર દોષ ઠાલવીને ફરિયાદ કરીએ છીએ!

આર્થર એશ વિમ્બલ્ડનમાં ફાઇનલ સુધી પહોંચેલો વિશ્વ વિખ્યાત ખેલાડી, ૧૯૮૩માં એ જયારે બિમાર પડયો ત્યારે એઇડના જંતુ વાળું લોહી ચઢાવવાથી તેને એઇડ થયો. લાખો ચાહકોએ તેને આશ્વાસન અને ભાવ દર્શાવવા પત્રો લખ્યા.

એક લાગણીસભર પત્રમાં એક પ્રશ્ન હતો. આવી બિમારી માટે ઇશ્વરે તમને જ પસંદ કરી શા માટે ખરાબ દુઃખ આપ્યું?

આર્થરે તેને જવાબ આપ્યો વિશ્વમાં ૫૦ લાખ લોકો ટેનિસ શીખે છે એમાંથી પાંચ લાખ વ્યક્તિ જ સારૂં ટેનિસ રમે છે એમાંથી પાંચ હજાર પારંગત ને અને માંડ પચાસ વિમ્બલ્ડન સુધી પહોંચે માંડ ચાર-પાંચ સેમીફાઇનલમાં પહોંચે અને બે જ વ્યક્તિ 'ફાઇનલ'માં જવા સુધીની તક અપાવી ત્યારે મેં એને નો'તુ પૂછ્યું કે આ કીર્તિ વિજય માટે તેં મને જ શા માટે પસંદ કર્યો?

આથી દુખની આવી ક્ષણ માટે મને શા માટે પસંદ કર્યો એવી ફરિયાદ કરવાનો પણ મને અધિકાર નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

જિજ્ઞાસા એ આવિષ્કારની જનની છે... પણ હવે આપણને કોઈ અચરજ - જિજ્ઞાસા, નવાઈ થતી જ નથી, આપણે બધું સ્વીકારી લેવાની વૃત્તિવાળા થઈ ગયા છીએ

ગધેડાને પણ તાવ આવે હો!

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

આસમાં હે નીલા ક્યૂં
ગોલ ક્યૂં હૈ ઝમી
સિલ્ક મેં હે નર્મી ક્યૂં
આગ મેં હે ગર્મી ક્યૂં
દો ઔર દો પાંચ ક્યૂં નહીં
પેડ હો ગયે કમ ક્યોં
તીન હૈ યે મૌસમ ક્યૂં
ચાંદ દો ક્યૂં નહીં
દુનિયા મેં હૈ જંગ ક્યૂં
બહેતા લાલ રંગ ક્યૂં
સરહદે હૈ ક્યૂં હર કહી
સોચા હૈઢ યે તૂને ક્યાં કભી
સોચા હૈ? કી હૈ યે ક્યાં સભી
સોચા નહીં તો સોચો અભી
બહેતી ક્યૂં હૈ હર નદી
હોતી ક્યાં હૈ રોશની
બર્ફ ગિરતી હૈ ક્યૂં
દોસ્ત ક્યૂં હૈ રૂઠતે
તારે ક્યૂં હે ટૂટતે
બાદલો મેં બિજલી હૈ ક્યૂં
સન્નાટા સુનાઇ નહીં દેતા
ઔર હવાયેં દિખાઇ નહીં દેતી
સોચા હૈ સોચા નહીં તો સોચો અભી...

દિવસને દિવસ જ કેમ કહેવાય? પૃથ્વી ગોળ જ કેમ છે? ચોક્સ કેમ નથી? ૧ + ૧ = જ કેમ થાય છે? હમણાં 'રોક-ઓન' ફિલ્મનું ગીત સાંભળ્યું અને મગજ ચક્રોવ ચડી ગયું.

આવા પ્રશ્નો આપણે કોઇ બાળક પૂછે એટલે આપે શું કરીએ? તેને સમજાવી પટાવીને બેસાડી દઇએ... અને વળી કોઇ હશે તો કહેશે કે બેસને હવે દોઢો થયા વગરનો? ગધેડાને તાવ આવે એવી વાત કેમ કરે છે? આવું સાંભળીએ ત્યારે સામે પૂછવાનું મન થાય કે તમે કેમ જાણ્યું કે ગધેડાને તાવ નહીં આવતો હોય? કોઇ વેટરનરી ડોક્ટરને જઇને પૂછો, તાવ તો ગધેડાને પણ આવતો હશે...

આપણે બધા ચોક્કસ ચોકઠા મુજબનું જ વિચારીએ છીએ. એથી વિશેષ કાંઇ આગવું વિચારતા નથી, અને કોઇ વળી હિંમત કરે તો એને ભેજા ગેપમાં ખપાવી દઇએ છીએ.

સાર્ત્ર કહે છે કે પ્રત્યેક માણસનું મૌલિક અસ્તિત્વ છે, મનુષ્યએ કોઇ બહારની સત્તા કે થોપી દેવામાં આવતા વિચારોમાંથી નહીં પણ પોતાના જીવનમાંથી જાતે જ અર્થ કાઢવાનો છે... તેનો અર્ક નીચોવવાનો છે.

પરંતુ આપણે જેને જિંદગી સમજીએ છીએ એ ખરેખર તો ચોકઠા છે, સ્કવેરની માયાજાળ, જેના ફરજિયાત પણે પોતાને હસતાં હસતાં કેદ કરી રાખવાનો છે, ઘણીવાર આપણને નગ્ન સત્ય, કોરૂં સત્ય કહી દેવાનું મન થાય છે, સામેવાળાની ખંધાઇ જોઇને તેને લાફો મારી દેવાનું મન થાય છે... પણ આપણે તેમ કરતા નથી. આપણે જાતે સ્વીકારેલી ગુલામીને આપણે મન ભરીને માણીએ છીએ.

Beyond the boundries આપણે કાંઇ વિચારતા નથી, શા માટે ઘેટા- ચાલમાં આપણે ચાલીએ છીએ? ધ્યેય શું છે? આવા બધા અઘરા લાગતા પ્રશ્નો આપણા મનમાં ઉપસ્થિત તો થાય છે. પરંતુ આપણે તેની તરફ કદી ગંભીર તથા નથી... પણ વાત એ છે કે આપણું અસ્તિત્વ આપણું છે ખરૂં? બીજાઓની ઇચ્છાઓ પ્રમાણે જીવતા જીવતા જયારે લાઇફ મોનોટોન્સ લાગવા માંડો ત્યારે આવો પ્રશ્ન થાય છે. જીવનની રેસમાં દોડતાં દોડતાં આપણા માંના ઘણાને તો આ પ્રશ્ન પણ નહીં થયો હોય! આપણને તો ટાઇમ જ ક્યાં છે? દોડતા રહેવાનું બીબાઢાળ કચડકામાં રેડાના રહેવાનું અને જીવતા દેખાવાં જ શું જીવતા રહેવાનું?

જિજ્ઞાસા એ આવિષ્કારની જનની છે... પણ હવે આપણને કોઇ અચરજ - જિજ્ઞાસા, નવાઇ થતી જ નથી, આપણે બધું સ્વીકારી લેવાની વૃત્તિવાળા થઇ ગયા છીએ. આવું વિચારનાર અને પ્રશ્ન કરનારને આપણે 'એબ્સર્ડ' કે 'સનકી'માં ખપાવી દઇએ છીએ. પણ જો કે આ તો ખૂબ જૂનો નિયમ છે - અતિશય પ્રભાવશાળી હોવું એ એક શ્રાપ છે અને ધારદાર બુદ્ધિ હંમેશા હતાશોન દોરી લાવે છે... અને વળી દુનિયાની ટીકા તેમાં ઉમેરો કરે છે, કારણ કે આવા ભેજાગેપને સમજે એવો બીજો ભેજાગેપ તેને મળતો નથી... અને તે પ્રશ્નાર્થ ચિહ્નની જેમ ઉત્તર વિનાનો ફરતો રહે છે આ જ તેની નિયતિ છે.

પણ કરૂણતા એ છે કે આપણે આપણી જિજ્ઞાસાને તો ટૂંપો દઇ જ દીધો છે, પરંતુ સાથે-સાથે કંઇક અલગ વિચારવાથી પણ દૂર રાખવા લાગ્યા છીએ. અત્યારે શિક્ષણ પણ એટલા માટે જ મપાય છે કે બાળક સિસ્ટમને અનુસરતા શીખે. ભણવાનું અને ભણાવવાનું પણ એક જ ચોકઠામાં ચાલે છે. બાળક આગવું સ્વતંત્ર વિચારતો થાય એ માટે સિક્ષણ નથી છે. બાળક આગવું સ્વતંત્ર વિચારતો બંદ થાય તેની માટે શિક્ષણ છે.

બાળકની જિજ્ઞાસાને જ દૂધપીતી કરી દેવામાં આવે છે. કારણ કે તેના જવાબ પિતા કે શિક્ષણ પાસે નથી. તેમના કાલાઘેલા કે સરળ લાગતા સવાલોના જવાબ આપણે આપી શકતા નથી કારણ કે જે તે સમયે આપણી જિજ્ઞાસાને પણ દબાવી જ દેવામાં આવી હતી.

પણ યાદ રાખજો સફરજન વૃક્ષ પરથી નીચે પડે છે, એ બધા જુએ છે, અને પડેલું સફરજન મજાથી ખાઇએ પણ છીએ! પણ સફરજન ઉપરથી નીચે જ કેમ પડે છે? ઉપર તરફ કેમ નથી ગતિ કરતું? આવો ચક્રમ જેવો સવાલ પણ કોઇ ભેજાગેપને જ થાય અને ન્યૂટન પણ કરોડોમાં એકાદ જ થાય છે. આપણા બાળપણમાં જે વાર્તાઓ સાંભળી હતી તે આપણને સિન્ડ્રેલાના એક અલગ પ્રદેશમાં લઇ જતી હતી. જયારે વાર્તા કહેવાતી હોય ત્યાં બાળકના હાવભાવ જોયા છે તમે? એ સાંભળે કે કાળા ઘોડાએ પર્વત પરથી છલાંગ મારી ત્યારે એની આંખો ઉછાળા લેતી હોય છે, રાક્ષસ અને પરીની લડાઇની વાત આવે ત્યારે બાળક મુઠ્ઠી વાળીને જાણે રાક્ષસ સામે ઊભો હોય તેમ મારી દેવા તત્પર હોય છે.

પણ! હવે તો આવી વાર્તાઓ અને વાર્તાઓ કહેનાર દાદા-દાદી જ ઘરમાં રહ્યા નથી. કુટુંબ જ તૂટી રહ્યા છે, પછી જિજ્ઞાસા તો તૂટે જ ને!

સોચા હૈ કી હૈ યે ક્યાં સભી!
સોચા નહીં તે સોચો અભી...

- jayuoza@gmail.com

'વ્યવહાર અને વ્યવહારમાં સત્ય, નિષ્ઠા અને પ્રમાણિકતાથી જિંદગી જીવી શકાય છે' આ ઉદ્‌ગાર છે ઉમદા વ્યક્તિત્વ ધરાવતા બી.એલ. રાજપરાના...

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચારો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો!

ઉપરોક્ત શાંતિ મંત્રના ભાવાર્થને ચરિતાર્થ કરતા ઉદ્યોગકાર છે બાબુભાઇ લવજીભાઇ રાજપરા. આમ તો બાબુભાઇ, બી.એસ. રાજપરા તરીકે પણ સૌના પ્રિય છે. ભાવનગર જીલ્લાના ઢસા ગામે તા. ૦૭-૦૫-૧૯૫૩ ના રોજ જન્મેલા બાબુભાઇ. પિતા લવજીભાઇ અને માતા દિવાળીબેન પાસેથી પુરૂષાર્થ, પ્રેમ, સંસ્કાર અને અધ્યાત્મકનો અમૂલ્ય વારસો મેળવનાર સદ્‌ભાગી સજ્જન છે.

ગઢડા તાલુકાનું ઢસાગામ તેમનું માદરે વતન છે. ૧૯૭૨માં જુની મેટ્રિકની ઉપાધિપ્રાપ્ત બાબુભાઇ શિવમ્ પાઇપ્સના નામે ઢસાગામમાં ઉદ્યોગસંકુલ ધરાવે છે. નાનપણથી જ કંઇક કરી છુટવાની તમન્ના સાથે આગળ વધતા તેમણે અમરેલીના મોટા ગોખરવાળા ગામે સુશ્રી મંજુલાબહેન સાથે સંસારયાત્રાનો પ્રારંભ કર્યો. મંજુલાબહેન ભણ્યા છે ધોરણ ૭ સુધી પણ પરિવારને શિક્ષણ, સ્નેહ, સંસ્કાર અને ધર્મનાં તાંતણએ સરસ રીતે બાંધી રાખ્યો છે.

બાબુભાઇ અને મંજુલાબહેનને દીકરા સમાન બે દીકરીઓ છે. કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા બી.એલ. રાજપરા કહે છે કે, 'વિશ્વના એકવીસમી સદીના હાઇટેક યુગમાં શિક્ષણ, વ્યવસાય અને વિશ્વની જાણકારી માટે અનિવાર્ય છે.' વાંચન માટે થોડો સમય બચાવી લેતા શ્રી રાજપરા એ 'રામાયણ' અને 'મહાભારત' ટી.વી. સિરિયલ સિવાય કોઇ સિરિયલ જોઇ નથી. બાધા, આખડીમાં વિશ્વાસ નહીં રાખતા બાબુભાઇ શુભકાર્યમાં પ્રારંભે ઇશ્વર સમક્ષ શ્રીફળ વધેરે છે, ધૂપદીપ કરે છે, કયારેક ઉપવાસ, એકટાણા કરતા તેઓ અનીતિ અને અધર્મથી બચવા દસ મિનિટ પ્રભુ સ્મરણ પણ કરે છે.

સિંગાપોર, થાઇલેન્ડ, નેપાલ અને રશિયા સુધી પ્રવાસ ખેડી ચુકેલા શ્રી રાજપરાએ ભારતમાં પણ સ્વૈરવિહાર કર્યું છે. બાબુભાઇ રાજપરા અમેરિકામાં પણ વિહાર કર્યો છે.

પટેલ સેવા સમાજ ટ્રસ્ટ, ઢસા ગામ, પ્રમુખ પદે કે. કે. હ્યુમિનિટી ટ્રસ્ટ, અમદાવાદ અને ટ્રસ્ટીશ્રી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબી (તા. ઉમરાળા, જી. ભાવનગર) ખાતે ઉમદા સેવા અદા કરીને સંકળાયેલા છે. આ સંસ્થાઓને તેમની સેવા સદા મળતી રહે છે.

અહીં કહી શકાય કે,
"અત્તર તૈયાર થાય છે ફૂલોને નિચોવ્યા પછી,
ઘડો તૈયાર થાય છે મારીને ચાકડે ચડાવ્યા પછી
તો શ્રદ્ધા સ્થિર થાય છે
અનુભવોમાંથી પસાર થયા પછી"

બાબુભાઇ યાદગાર પ્રસંદની વાત કરતાં નોંધે છે કે, 'પુરાતત્વ વિભાગ દ્વારા ઉત્ખન્ન થઇ રહેલાં પ્રાચીન સભ્યતાનું પાંચ હજાર વર્ષ પહેલાનું નગર ધોળાવીરાના (કચ્છ) પ્રવાસ દરમિયાન તા. ૧૫-૮-૨૦૦૯ માં પગમાં ફ્રેંકચર થયું હતું છતાં એ ક્ષણો આજેય મારા માટે યાદગાર છે!'

સદાશિવ, હનુમાનજી, બ્રહ્માણી માતા, સદ્‌ગુરૂશ્રી નિર્દોષાનંદજી સરસ્વતી ઉપર અખૂટ શ્રદ્ધા ધરાવતા બી.એલ. રાજપરાએ પરિવારમાં ભૂવા, ડાકલા અને અંધશ્રદ્ધા બાબતે વર્ષોથી સંઘર્ષ કરી ખંડન કર્યું છે.

પટેલ સમાજ વાડી, ઢસાગામ, બ્રહ્માણી માતાજી મંદિરનું નિર્માણ, નિર્દોષાનંદજી હોસ્પિટલ ટી.બી. જેવી સંસ્થાઓમાં તન, મન અને ધનથી સક્રિય રહેનાર બાબુભાઇએ પોતે કરેલા વિચારો, સંકલ્પોને સાકાર કર્યા છે. મંદિર, હોસ્પિટલ અને સમાજની વાડીના નિર્માણ કાર્યોમાં પાયાના પથ્થર બનવું નાની સુની વાત નથી. કોઇ પણ ઇમારતની સુંદરતા તેના પાયા પર નિર્ભર છે. ખાસ કરીને સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ ટીંબી ખાતે દર્દીઓને વિનામૂલ્યે સારવાર મળે છે એ ઘટના તો વંદન પાત્ર છે.

આવા અદના સેવક, ઉદ્યોગકારે, પોતાના જીવન સ્વપ્નની ફ્લશ્રુતિનું ચિંતન આ રીતે પ્રગટ કર્યું હતું કે, સત્ય, નિષ્ઠા અને પ્રમાણિક્તાથી સૌ એ જીંદગી જીવવી આવશ્યક છે કારણ કે ધર્મ અને સત્ય એ વિશ્વવ્યાપી કાનૂન છે તેનું આચરણ કદી નિષ્ફળ જતું નથી અને સત્યનો જ વિજય થાય છે.

સકારાત્મક વિચારોના માલિક, સેવાભાવી સજ્જન અને કુશળ ઉદ્યોગકાર બાબુભાઇ લવજીભાઇ રાજપરાની સેવા, સમાજ અને રાષ્ટ્રને મળ્યા જ કરે તેવી શુભેચ્છા પાઠવીએ. બાબુભાઇનો મો. નં. ૯૮૭૯૫૮૩૪૪૫૧.

સુખી દાંપત્ય માટે જરૂર છે પતિ અને પત્નીનો એકબીજા પ્રત્યે સારો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને બાળકોનાં પાલન-પોષણ સાથે જોડાયેલી સમસ્યાઓનું એવું સમાધાન જ બંનેને સરખી રીતે માન્ય હોય



પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર

સુખી દાંપત્યજીવન માટે જરૂરી છે સાચા જીવનસાથી પસંદગી. પતિ અને પત્ની બંનેની પાર્શ્વભૂમિ લગ્ન પહેલાં અવશ્ય જુદી જ હોય છે. દરેક લગ્નમાં સામાન્ય રીતે સ્ત્રીનું જ મહત્વનું સમર્પણ હોય છે. મા-બાપને ત્યાં ઊછરેલી, મોટી થયેલી છોકરીને લગ્ન પછી પિયર છોડીને પતિના ઘેર જવું પડે છે. જ્યારે એક નાના, સુકોમળ છોડને પોતાના જન્મસ્થાનથી ઉખાડીને નવી જગ્યાએ રોપવામાં આવે છે, તો ખૂબ જ સાવધાની રાખવીડ પડે છે. બરાબરા આ જ રહી, જ્યારે એક છોકરી પોતાના પિયર- ઘરમાંથી એક પારકા ઘરે જાય છે તો એની દેખભાળ અપેક્ષિત હોય છે. માતા-પિતાને ત્યાં મોટી થયેલી છોકરીની પણ પોતાની કેટલીક ટેવો હોય છે. પોતાના સંસ્કાર હોય છે, જીવન પ્રત્યેની પોતાની દૃષ્ટિ હોય છે, જેનાથી એ ટેવાયેલી હોય છે. નવા પરિવેશમાં એણે એમાંથી કેટલુંક તો સ્વીકારી લેવું પડે છે અને કેટલુંક છોડવું પડે છે. સ્વીકારવાની આ ક્રિયા ક્યારેય એકતરફી નથી. હોતી અને ના હોવી જોઈએ.

જ્યારે કન્યા એના પતિના કુટુંબમાં આવે છે, તો એને કેવું લાગે છે કે ત્યાં એનું સ્વાગત કરાઈ રહ્યું છે. કુટુંબનાં વડીલો ખાસ, કરીને એની સાસુ પાસેથી એ અપેક્ષા રાખવામાં આવે છે કે તે એને માર્ગદર્શન આપે.

સુખી દાંપત્ય માટે જરૂર છે પતિ અને પત્નીનો એકબીજા પ્રત્યે સારો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને બાળકોનાં પાલન-પોષણ સાથે જોડાયેલી સમસ્યાઓનું એવું સમાધાન જ બંનેને સરખી રીતે માન્ય હોય.

પતિ જો પત્નીને સમજે અને એને માર્ગદર્શન આપે તો એને લાગશે કે એને પ્રેમ કરવામાં આવી રહ્યો છે અને ત્યારે એ એક ખુશ અને સુખી સ્ત્રી બનશે. પતિએ એને સહારો આપવો પડશે, ખડા પગે ઊભા રહેવું પડશે. એટલે જ્યારે પણ જરૂર પડે ત્યારે તે એની રક્ષા કરી લે. જ્યાં એ સાચી હોય ત્યાં એને સાથ અને સમર્થન આપે અને જ્યાં ખોટું હોય એને ત્યાં અટકાવે, એના દોષ છુપાવે અને પછી એની ભૂલોને જાણીજોઈને પોતાના માથે લે જેથી કોઈ એના પર આંગળી ના ઉઠાવી શકે. આ બધું ખૂબ જ સામાન્ય રીતે થવું જોઈએ.

લગ્નસંબંધ જીવનની આધારશિલા છે. 'સેક્સ'ની અજ્ઞાનતા આપણા લગ્નજીવનમાંના શરૂઆતના દિવસોમાં કષ્ટ આપે છે, કારણ, આપણે ત્યાં એનું શિક્ષણ નથી આપવામાં આવતું. સામાન્ય રીતે નવપરિણીત યુગલોમાં આવી ફરિયાદ સાંભળવા મળે છે અને વાત કેટલીક વાર છૂટાછેડા સુધી પહોંચી જાય છે. આ યુવાન દંપતી યોગ્ય માર્ગદર્શન પછી સ્વસ્થ દાંપત્યજીવન વિતાવી શકે છે.

દાંપત્યજીવન પર પ્રભાવ પાડનારો બીજો એક મહત્વનો પક્ષ છે સાસુ-વહના સંબંધો. સાસુ-વહુના સંબંધોને ઊંડાણથી સમજવાની જરૂરત છે. એક સાસુ માટે વહુ આવવાનો મતલબ છે પુત્રનું વિભાજન અને પછી સાસુ બનીને કોઈના પર હુકમ ચલાવવાનો મોકો મળે છે. જે સ્ત્રીને ક્યારેય કોઈ પદ કે સત્તા સંભાળવાની તક ના મળી હોય, એના દ્વારા આ સત્તાનો ગેરઉપયોગ થવાની પૂરી સંભાવના રહેલી હોય છે. તે છોકરાની માતા હોવાનું ગૌરવ સમજે છે અને વહુને પોતાના પુત્રને આધીન સમજે છે. એના મનમાં એ ભય પણ રહે છે કે ક્યાંક દીકરો પુરી રીતે વહુનો ના બની જાય. બીજી બાજુ વહુ પણ પોતાનું ઘર પોતાની રીતે ચલાવવા માગે છે. એણે બાળપણમાં એવા સ્વપ્નો જોયાં હતાં કે લગ્ન પછી તે પોતાની રીતે પોતાનું જીવન જીવી શકશે, માણી શકશે. આ બધાં કારણોને લીધા સાસુ-વહુમાં સંઘર્ષ રહે છે. આ સંઘર્ષ પિતાપક્ષે મળેલી સત્તાના ઢાંચાની દેણગી છે.

દાંપત્યજીવનમાં એક મોટો ભય છે- એનાથી કંટાળવું. આ કંટાળાની અસર પત્નીને વધુ થતી હોય છે, કારણ કે, પતિના જીવનનો એક મહત્વનો ભાગ એનું કાર્યક્ષેત્ર હોય છે, જ્યારે ઘરેલું નહીં, નોકરી કરતી બહેનો માટે પણ એમના જીવનની સૌથી મોટી પ્રાથમિકતા પતિ અને પોતાનું કુટુંબ હોય છે. પતિનો પ્રેમ એના જીવનનું સૌથી મોટું લક્ષ્ય હોય છે. મારપીટ, ત્રાસ આપવો અથવા શાબ્દિક આઘાતોથી જ નહીં, પતિ પોતાના મૌનથી યા ઉપેક્ષાથી પણ પત્નીને ત્રાસ આપી શકે છે આ બધું એ જ સ્ત્રી સહન કરી શકે છે, જે આ સ્થિતિમાંથી પસાર થઈ હોય છે અને જીવન જીવવાની આ રીત સમય જતાં ના સુધારવામાં આવે તો પતિ-પત્નીના જીવનમાં એક સમયમર્યાદા પછી એવો સમય આવે છે જે એક ઘરમાં સાથે રહેતા હોવા છતાં એકબીજા માટે પરાયાં બની જાય છે.

છેલ્લાં થોડાંક વર્ષોમાં નારી-આંદોલનોમાં આવેલ વેગના કારણે આખા જગતમાં પુરુષ અને સ્ત્રીની વચ્ચે તીવ્ર સ્પર્ધા આવી ગઈ છે. પરંપરાગત પુરુષ સમાજમાં લિંગભેદને ખતમ કરવા, વ્યવસ્થા અને નીતિનિર્માણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવી, સ્ત્રીઓને અધિકાર આપવા તથા દરેક કક્ષાએ એમને પુરુષની બરાબર માન આપવાથી માંડીને ચાલી રહેલી ચર્ચાને પુરુષવિરોધી નહીં, પરંતુ સ્ત્રીઓના અધિકારનું યુદ્ધ સમજવી જોઈએ અને પુરુષોએ પણ એને સમર્થન આપવું જોઈએ. વાસ્તવમાં સ્ત્રી અને પુરુષ એકબીજાને માટે જ સર્જાયા છે અને જ્યાં એકની સ્થિતિ બીજાના અસ્તિત્વ અને ઈચ્છાઓ પર નિર્ભર કરતી હોય છે ત્યાં એકબીજા વચ્ચે પ્રતિસ્પર્ધા ક્યાં ન્યાયસંગત હોય છે? આ શાંત અને સ્વસ્થ વાતાવરણમાં ઠંડા મગજે વિચારવા જેવી વાત છે.